ગાંધીનગર સમાચાર



# સે-૮માં ૧૦૩૫ વૃક્ષોનું વાવેતર કરાયું

## વોર્ડ નં. ૬ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરનું પ્રેરણાત્મક પગલું : સાધુ-સંતો સહિત સેક્ટરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં ચોમાસાએ તેની મૌસમ પુરબહારમાં સજાવી છે. આ સમયનો લાભ ઉઠાવી શહેરમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિ પણ સારા એવા પ્રમાણમાં થઈ રહેલી જોવા મળી રહી છે. સેક્ટર-૮ ખાતે પ્રકૃતિ પ્રેમી નગરસેવક નાઝાભાઈ ઘાંઘરની આગેવાનીમાં ૧૦૩૫ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણની દિશામાં પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું છે.

આ વર્ષે ઉનાળામાં ગાંધીનગર શહેરે સૌથી સર્વોચ્ચ ગરમીનો આંક સહન કર્યો હતો. શહેરમાં વૃક્ષ છેદનની પ્રવૃત્તિના કારણે વૃક્ષોની સંખ્યામાં સતત ઘટાડો થવાથી કલાઈમેટ ચેન્જની માઠી અસરો વર્તાવા લાગી છે. આ સંજોગોમાં સેક્ટર-૮માં વોર્ડનં. ૬ના નગરસેવક નાઝાભાઈ ઘાંઘર દ્વારા ૧૦૩૫ જેટલા વૃક્ષો વાવીને અનોખુ ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું છે. આ વૃક્ષો સેકટર-૮ના રીંગરોડ તથા આંતરિક મુખ્ય માર્ગોની આસપાસ વાવવામાં આવ્યા છે. આ પ્રસંગે સેકટર-૮ના અગ્રણી રહીશો થતા સાધુ સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રકૃતિ પ્રેમી કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરે આ પ્રસંગે હજુ વધુ વૃક્ષોનું વાવેતર કરવાની ખેવના પ્રદર્શિત કરતા તમામ રહીશોને વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે સેકટર-૮ના અગ્રણીઓ નિલેશ પટેલ, સૂર્યકાન્ત બારોટ, મંગળદાસ પટેલ તથા અન્ય રહીશો પણ વૃક્ષારોપણના કાર્યમાં જોડાયા હતાં.

દિનપ્રતિદિન વૃક્ષોની સંખ્યા ઘટતી જઈ રહી છે તો બીજી તરફ પર્યાવરણને નુકશાન કરે તેવા ઉદ્યોગો, વાહનો તથા અન્ય એસી-ફ્રિઝ જેવા ઈલેકટ્રોનિક ઉપકરણોની સંખ્યા કૂદકેને ભૂસકે વધી રહી છે. આ કારણે પર્યાવરણને જે નુકશાન થઈ રહ્યું છે તેની ભરપાઈ કરવી ખૂબ જ અઘરી બની રહી છે. કલાઈમેટ ચેન્જના કારણે દરેક ઋતુ તેના સ્વભાવ કરતા વિપરિત વર્તન કરી રહી છે ત્યારે આ સમસ્યાને નિવારવા શકય હોય તેટલી સંખ્યામાં વધુને વધુ વૃક્ષોનું વાવેતર કરી ઉછેરવા અનિવાર્ય થઈ પડયું છે. ભાવિ પેઢીને કલાઈમેટ ચેન્જના દુષ્પરિણામોથી બચાવવા તાકીદે પગલા લેવાની જરૂર છે. આ સંજોગોમાં પ્રકૃતિ પ્રેમી નગરસેવક નાઝાભાઈ ઘાંઘરે આટલી મોટી સંખ્યામાં વૃક્ષો વાવી હાથ ધરેલ ઉમદા કાર્ય એક યજ્ઞ સમાન પુરવાર થશે અને અન્યોને પણ પ્રેરિત કરશે.



## @ગાંધીનગર

● રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૦૦ થી ૯.૩૦ કલાક દરમિયાન સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે પદગ્રહણ સમારોહ યોજાશે. આ ઉપરાંત ૯.૩૦ કલાકે ડાયરાનો કાર્યક્રમ યોજાશે.

● બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર દ્વારા બપોરે ૧.૦૦ કલાકે સેકટર-૧૨, ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલના સમિતિ ખંડ ખાતે મહિલા કાર્યકર્તા સંમેલન યોજાશે.

### ચંદ્રાલા ખાતે નીમા ફાઉન્ડેશન દ્વારા સાંધાના દુઃખાવાનો સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ખાતે તાજેતરમાં નીમા ફાઉન્ડેશનના સૌજન્યથી યુએસએના હોલિસ્ટીક હીલર નટુભાઈ પટેલ દ્વારા સાંધાના દુઃખાવા, કમર, ઢીંચણ, ગરદન, એડી વગેરેના દુઃખાવાની સારવારના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ચંદ્રાલા સહિત આસપાસના ગામના ૭૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

નીમા ફાઉન્ડેશન દ્વારા આયોજીત આ કેમ્પનું આયોજન ચંદ્રાલાના ઉમા સંસ્કાર તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી મનુભાઈ પટેલ દ્વારા કરાયું હતું. કેમ્પમાં સ્વામી સદાનંદ ભારતી તથા ડૉ. પ્રજાપતિનો સહકાર સાંપડયો હતો. કેમ્પના સંકલન કાર્ય સાંકાભાઈ પટેલ તથા કે.પી. પટેલે સંભાળ્યું હતું. આ પ્રસંગે યોજાયેલ સ્વાસ્થ્ય સુરક્ષા સભામાં 'તમે જ તમારા ડૉકટર બનો' વિષયે વ્યાખ્યાનનો લાભ ઉમા સંસ્કાર તીર્થની બાળાઓ, શિક્ષકો, આચાર્ય તથા ગ્રામવાસીઓએ ઉઠાવ્યો હતો. આગામી સારવાર કેમ્પ તા. ૧૭મી જુલાઈ એ મોટા ઈસનપુર ખાતે યોજવામાં આવનાર છે.

### આજે ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની વાર્ષિક સાધારણ સભા તા. ૧૫મી જુલાઈને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સેકટર-૧૨, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન (ડાયટ) ખાતે યોજાશે. સભામાં જિલ્લાની જે શાળાઓ આ પ્રવૃત્તિ સાથે જોડાયેલી હોય તે શાળાના આચાર્ય તથા પ્રવૃત્તિ ચલાવનાર શિક્ષકને હાજર રહેવા સંઘ દ્વારા જણાવાયું છે. વર્ષ ૨૦૧૬-૧૭ની ફી સાધારણ સભામાં લાવવાની રહેશે. જે શાળાની ફી આવી હશે તે જ શાળા જિલ્લા રેલીમાં ભાગ લઈ શકશે.

## વાતવાતમાં

● બુધવારે રાત્રે ઘ રોડ પર પેટ્રોલીંગ કરી રહેલ પોલીસની પીસીઆર વાનમાં સવાર બે યુવા પોલીસ કર્મીઓની નજરે થોડીકવાર પહેલા રોડ પર પડી ગયેલ ઝાડનું સુકું થડ નજરે ચઢયું હતું. બંને કર્મીઓએ તુરંત નીચે ઉતરી કોઈ વાહન ચાલક આ થડનો ભોગ બને તે પહેલા તેને ત્યાંથી હટાવી દેવા પ્રયાસ હાથ ધર્યો હતો. જેમાં ત્યાંથી પસાર થતા અન્ય ત્રણ યુવાનની પણ તેમને મદદ મળી હતી.

● બરાબર આજ સમયે ચ-૫ સર્કલ નજીક એક મહિલા કાર ચાલક અને એક એસયુવી કાર ચાલકની જોરદાર ટકકર થવા પામી હતી. આ અકસ્માતમાં સદભાગ્યે કોઈને ઈજા તો નહોતી થઈ પરંતુ બંને કારની અકસ્માત બાદ દિશા અને દશા બંને બદલાઈ જવા પામી હતી.

● ચ-૫ સર્કલના અકસ્માતની ખબર મળતા ઘટના સ્થળે ધસી આવેલ મહિલા પોલીસ કર્મીએ તેમની ગાડીમાંથી ઉતરતા જ એકત્ર થયેલા ટોળાનો મોબાઈલથી વિડીયો શુટ કરવા માંડયો હતો પરંતુ જેવી કારના નંબર નોંધવાની બાબત આવી ત્યારે તેને પણ શુટ કરી લેવાને બદલે મોબઈલ ખિસ્સામાં મુકી કાગળ - પેન કાઢયા હતા. આ અકસ્માતનો મામલો રાત્રે ૧ વાગ્યા સુધી ગુંચવાયા પછી અંતે પોલીસ સ્ટેશને બંને પાર્ટી વચ્ચે સમાધાન થવા પામ્યું હતું.

● પેથાપુરથી મહુડી રોડ પર પસાર થઈ રહેલ એક રેતી ભરેલી ટ્રકના ડ્રાયવરે રોડ પર કાળો નાગ જોતા તેને બચાવવા જોરદાર બ્રેક મારી હતી. સદભાગ્યે પાછળ કોઈ વાહન આવતું ના હોવાથી અકસ્માત ના થયો અને નાગ પણ બચી ગયો પરંતુ ટ્રક ડિવાઈડર વટાવી રોંગ સાઈડ સુધી પહોંચી જવા પામી હતી.

### બહુજન સમાજ પાર્ટી દ્વારા મહિલા કાર્યકર્તા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૪

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર દ્વારા તા. ૧૫ જુલાઈના રોજ બપોરના ૧.૦૦ કલાકે સેકટર-૧૨, ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલના સમિતિ ખંડ ખાતે મહિલા કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં મહિલાઓની સરકારમાં ભાગીદારી, મહિલાઓ પર થતા અત્યાચારો કઈ રીતે રોકવા, મહિલાઓના હક વિશે માર્ગદર્શન સહિતના તમામ પ્રશ્નો અંગેની માહિતી આપવામાં આવશે. જિલ્લા સમિતના પ્રભારી પ્રવીણભાઈ વાઘેલા અને પ્રમુખ ચિરાગ પરીખ દ્વારા સંમેલનમાં ગાંધીનગરની મહિલાઓને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

# સત્યાગ્રહ છાવણી પાસે માર્ગ પર અડીંગા જમાવતા શાકભાજીના વેપારીઓ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. સેકટર -૬ સત્યાગ્રહ છાવણી પાસેના વિસ્તારમાં કોમર્શીયલ કોમ્પ્લેક્ષ ઉભુ થઈ રહ્યું છે. ત્યારે વરસાદને પગલે સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ ગયું હોવાથી સાંજ ઢળતાં જ શાકભાજીનો વેપાર કરતા વેપારીઓ ૬-૭ થી પેટ્રોલપંપ તરફના સર્વિસ માર્ગ પર અડીંગા જમાવતા નજરે પડે છે. આ વેપારીઓને કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જયારે શાકભાજીના વેપારીઓને અન્ય જગ્યા આપવા પણ નાગરીકો માંગ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ત્રણ શાકભાજીના બજારો આવેલા છે. જેમાં સેકટર-૨૧, ૨૪, ૭ અને સેકટર-૬ નો સમાવેશ થાય છે. પરંતુ સેકટર-૬માં શાકભાજીના બજારનો મુદ્દો વર્ષોથી ગોંચમાં પડ્યો છે. છતા સેકટરમાં તો નાના વેપારીઓ લારી લઈને શાકભાજીનું વેચાણ કરતા નજરે પડે છે. નવા સેકટરના વસાહતીઓ માટે સેકટર-૭ તેમજ સેકટર-૬માં બે શાકભાજીના બજાર સાંજ ભરાય છે. સત્યાગ્રહ છાવણી ખાતે વર્ષોથી શાકભાજીનું બજાર આવેલું છે. જયારે તેની અડોઅડ સેકટર-૬માં પાકા શાકભાજીના ઓટલા કાર્યરત હોવા છતા વેપારીઓ એક સ્થળે બેસીને વેપાર કરતા નથી અને ખુલ્લા મેદાનમાં અડીંગો જમાવતા નજરે પડે છે. અત્યારે હાલ ત્યાં કોમર્શીયલ કોમ્પલેક્ષનું બાંધકામ ચાલી રહ્યું છે. ત્યારે જે જગ્યા બચી હતી તેમાં વેપારીઓ લારીઓ લઈને ઉભા રહીને શાકભાજીનો વેપાર કરતા હતા ત્યારે શહેરમાં વરસી રહેલા વરસાદને પગલે ગ્રાઉન્ડમાં પાણી ભરાતા સર્વિસ રોડને વેપારીઓએ બાનમાં લીધો હોય તેવું લાગી રહ્યું છે. એક તરફ આ માર્ગ પર આડેધડ પાર્ક કરતા વાહનચાલકોનો ત્રાસ છે ત્યારે બીજી તરફ શાકભાજીના બજારને લઈને સાંજે ભારે ભીડ થતી હોવાથી વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.આ ભાંજગડમાંથી કાયમી છુટકારો થાય તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

# શહેરમાંથી વધુ ૪૫ ઝુંપડાઓનો સફાયો

## સેકટર-૬, ૨૨ અને સે-૨૩ના દબાણયુકત વર્ષો જુના ઝુંપડાઓ તોડી પડાયા : દબાણ કામગીરી વધુ તેજ બની

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાંથી દબાણ હટાવી પાટનગરને દબાણમુકત કરવા ગતિવિધી તેજ બનાવી છે ત્યારે અગાઉ દબાણ અધિકારીએ ટીમ સાથે વિવિધ સેકટરોમાં સપાટો બોલાવ્યા બાદ આજે શહરના



સે-૬, સે-૨૨ અને સે-૨૩ વિસ્તારમાં સપાટો બોલાવ્યો હતો. ૪૫થી વધુ દબાણયુકત ઝુંપડાઓ તોડી પાડવામાં આવ્યા છે.

ગાંધીનગર મનપા કમિશનરની સુચનાથી ફાયર ઓફિસર મહેશ મોડે દબાણ કામગીરી તેજ બનાવી છે. મહેશ મોડ તથા તેમની ટીમે પંદર દિવસમાં ૨૦૦થી વધુ દબાણયુકત ઝુંપડાઓ હટાવી કેટલોક સામાન જપ્ત કર્યો છે. દરમિયાન વ્હોટસએપ પર મળેલી નગરજનોની ફરિયાદોને ધ્યાને લઈને આજે આ ટીમે સે-૬, સે-૨૨ અને સે-૨૩માં કામગીરી સઘન બનાવી હતી. સેકટર-૬ ખાતે સત્યાગ્રહ છાવણી નજીકના મેદાન આસપાસના ૩૨ ઝુંપડાઓ, સે-૨૩ ગુરુકુલ શાળા નજીક વર્ષોથી જામેલા ત્રણ ઝુંપડાઓ અને સે-૨૨માં પેટ્રોલપંપથી ગુરુકુલ આસપાસના ૧૦ ઝુંપડાઓ મળી એક જ દિવસમાં ૪૫ જેટલા ઝુંપડાઓ તોડી પાડીને ફરી ઝુંપડાઓ બનાવી ન દેવાય તેને ધ્યાને રાખીને તાડપત્રીઓ તથા લાકડાઓ જપ્ત કરી લેવામાં આવ્યા છે. આ કામગીરી હજુ તેજ બનાવવામાં આવશે તેમ નગરજનોની લાગણીને ધ્યાને રાખીને મનપાના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# શહેરમાં ૫૫ હજાર નાગરિકોની દૃષ્ટિ નબળી પડી

ગાંધીનગર, તા.૧૪

જીવનના પ્રત્યેકક્ષણે પથદર્શક બનતી આંખો વિના જીવન જાણે અશકય બની જાય છે. માનવ શરીરના અંગો પૈકી દ્રષ્ટિ આપતી આંખો મુખ્ય છે. દ્રષ્ટિ વિના જીવનમાં અંધકાર છવાઈ જાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આંખ વિભાગ દ્વારા આંખોની તકલીફથી પિડાતા ૫૫,૦૦૦ દર્દીઓને વર્ષ દરમિયાન સેવા પુરી પાડવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે. જયારે ૧૬૭૦ મોતીયાના ઓપરેશન થકી દર્દીઓને નવું વિઝન આપવામાં આવ્યું છે.

અત્યારની હાઈફાઈ લાઈફ સ્ટાઈલ અને વૈભવી જીવનશૈલી વચ્ચે પણ નાગરીકો ની આંખની



દ્રષ્ટિએ અતિ મહત્વની છે. દુનિયા જેના થકી જોઈ શકાય છે તે આંખની યોગ્ય જાળવણીના અભાવે દ્રષ્ટ્રિની સમસ્યા પણ વધી જવા પામી છે. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન આંખની ઓપીડીમાં ૫૫૨૮૧ દર્દીઓએ સારવાર લીધી છે. જેમાં નાના થી મોટી વય જુથની વ્યકિતને આંખના નંબર હોય તેવા ૩૬૦૦૬ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. જયારે આજના બાળકો વિડીયોગેમ, મોબાઈલ, ટીવી તેમજ ફેસબુક અને વોટસએપમાં સતત કાર્યરત રહેતા બાળકોમાં ચશ્માના નંબરનું પ્રમાણ વધુ જોવા મળે છે. જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી અંતર્ગત ૮૪૫૫ બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું છે. જયારે આંખના ડો. શિલ્પા ભટ્ટ સાથે વાતચીત દરમ્યાન તેઓએ જણાવ્યું હતું કે આજના સમયમાં આંખમાં ઈજા પામેલા દર્દીઓમાં મોટાભાગના દર્દીઓ બાળકો વધુ હોય છે કારણ કે ક્રિકેટ, ફુટબોલ, સહિતની રમત રમતા સમયે આંખમાં ઈજા પામે છે. જયારે માર્ગ અકસ્માતમાં આંખમાં ઈજા પામેલા દર્દીઓની સંખ્યા વધુ હોય છે. જયારે પહેલાના સમયમાં તીર કામઠા કે ઝઘડામાં ઘાતક હથિયાર વાગતા ઈજા પામેલા દર્દીઓ આવતા હતા. જયારે અત્યારના સમયમાં તેવા દર્દીઓ નહીવત જોવા મળે છે. આજના સમયના જીવનમાં આંખ એક અગત્યનું અંગ હોવાથી તેની માવજત અત્યંત જરુરી બની છે. દરેક નાગરીકે આંખની કાળજી લેવી અનિવાર્ય બની જવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આંખ વિભાગના ડોકટર રેખા ભરવાડા, ડો. શિલ્પા ભટ્ટ, ડો. હિતેષ વ્યાસ તેમજ સિનિયર રેસીડન્ટ ડો. કૃણાલ પટેલ અને ડો. માધવી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૩૫ આઈ કેમ્પ તેમજ ૪૬ ચક્ષુદાન અને ૧૬૭૦ મોતીયાના ઓપરેશન કરવામાં આવ્યા છે.

### આધુનિક ઉપકરણોના વધુ વપરાશને કારણે દૃષ્ટિ નબળી પડી રહી છે : ડોકટર

અત્યારની આધુનિક જીવનશૈલીમાં દરેક વ્યકિત કોમ્પ્યુટર, મોબાઈલ, ટીવી, સહિતના ઉપકરણોનો આદિ બની ગયો છે. જયારે સતત વોટસએપ અને ફેસબુક જેવા સોશ્યલ મિડીયા પર રચ્યા પચ્યા રહેતા હોવાથી આજનો માનવી કોઈ એક ચીજવસ્તુ પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરી શકતો નથી. જેને અનુલક્ષી આંખ ત્રાસી થવાના કિસ્સા બની શકે છે. જયારે પહેલાના સમયમાં બાળકનું ધ્યાન કેન્દ્રીત થાય તે માટે બાળકના ઘોડીયા પર નાનકડું ઝુમ્મર લટકાવવામાં આવતું હતું. જેથી બાળકનું ધ્યાન કેનદ્રીત પણ થાય અને આંખમાં રહેલી ખામી પણ દુર થઈ જતી હતી. જેને પગલે આંખ ત્રાસી થવાના કિસ્સા નહીવત બનતા હતા.

### બાળકોની આંખની દૃષ્ટિ માટે માતા-પિતાએ જાગૃત બનવું જોઈએ

અત્યારના સમયમાં નાના બાળકોમાં નંબર રહેલા હોય છે. પરંતુ બાળકના માતા-પિતા તેને ચશ્મા પહેરાવતા નથી.કારણકે તેમનું બાળક ચશ્મા પહેરશે તો કેવું લાગશે તેમજ નાની ઉંમરમાં જ ચશ્માનો સામનો કરવો પડશે. જયારે ૧૮ વર્ષથી વધુ વયના યુવક-યુવતિઓમાં ચશ્માને પગલે સગાઈમાં અવરોધ ઉભો થાય તો તેવા વિચારોથી માતા-પિતા બાળકોને નંબર હોવા છતા ચશ્મા પહેરાવતા ડર અનુભવે છે. જેને પગલે બાળકોને લાંબા ગાળે આંખમાં તકલીફ ઉભી થાય છે. તેમજ આંખના નંબરમાં પણ વધારો થવા પામે છે. ત્યારે માતા-પિતાએ જાગૃત બનીને બાળકને જો નંબર હોય તો ચશ્મા અવશ્ય પહેરાવવા જોઈએ.

# શહેરીજનો માટે શટલ રીક્ષાઓ શ્રેષ્ઠ પર્યાય

## સસ્તી મુસાફરી કરાવતી આ રીક્ષાઓ શહેરની લાઈફલાઈન, તંત્ર પાયાની આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ, ગતિશીલ ગુજરાતનું પાટનગર જ લોકલ સુવિધાથી વંચિત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના મુખ્ય માર્ગ અને અંતરિયાળ વિસ્તારમાં ફરતી શટલ રીક્ષાઓ શહેરીજનો માટે ખુબ જ ફાયદામંદ અને આર્શીવાદ રૂપ છે. આંતરિક પરિવહનના વિકલ્પ સ્વરૂપે શહેરીજનોને સસ્તી મુસાફરી કરાવતી આ રીક્ષાઓ લાઈફ લાઈન બની છે. શહેરના તમામ મુખ્ય સ્થળોએ આવવા જવા માટે તાત્કાલીક રીક્ષાઓ મળી રહેતા હાલમાં મુસાફરી માટે મુશ્કેલીઓ પડતી નથી. વધુમાં શહેરમાં ફરતી આ શટલ રીક્ષાઓએ શહેરીજનોનો વિશ્વાસ સંપાદન કર્યો છે. જેથી સલામત મુસાફરી પણ શહેરીજનો કરી શકે છે. જો કે તંત્ર પાયાની આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તદન નિષ્ફળ નિવડયું છે. જયારે સ્માર્ટ સીટીના અભરખા ઉભા થયા છે.

ગાંધીનગરમાં સરકારી કચેરીઓ સહિત અનેક વિવિધ જોવાલાયક, ફરવાલાયક સ્થળો આવેલા છે. શહેરના કુલ ૩૦ સેકટર અને આજુબાજુના વિસ્તાર સાથે વિશાળ ક્ષેત્રફળમાં પાટનગર ફુલી ફાલ્યું છે. આ તમામ સ્થળોએ અને જગ્યાએ જવા આવવા જાહેર પરિવહનની કોઈ જ સુવિધા ઉપલબ્ધ નથી. પરંતુ શહેરમાં ફરતી શટલ રીક્ષાઓ સસ્તા ભાડામાં સલામત




મુસાફરી કરાવી રહ્યું છે જે આ સ્થળોએથી આવન જાવન કરે છે. શહેરના પથિકાશ્રમ, સચિવાલય, મહાત્મા મંદર, સિવિલ હોસ્પિટલ, અક્ષરધામ, ૨૮ બગીચો, ઉદ્યોગભવન, ઈન્ફોસીટી, ખાણીપીણીના સ્થળો, ઘ-૬, શાળા-કોલેજો, જીઆઈડીસી તેમજ સેકટરોના આંતરિક માર્ગોને આવરી લઈ દૈનિક અનેક રીક્ષાઓ શટલ ભાડામાં લોકોને મુસાફરી કરાવી શહેરની જરૂરિયાતોને પુરી પાડી રહી છે.

શહેરમાં ફરતી રીક્ષાઓ અંગે કોઈ પણ જાતની ગુન્હાહીત પ્રવૃત્તિ સંકળાયેલી ન હોવાનું તેમજ કોઈ અનિચ્છનીય બનાવ પણ ન બન્યો હોવાનું આજ દિન સુધી લગભગ જાણવા મળ્યું નથી જેથી જ શહેરીજનો વિના સંકોચે શટલ રીક્ષાઓનો ઉપયોગ કરે છે. વધુમાં શહેરમાં ફરતી તમામ રીક્ષાઓની નોંધ નજીકના પોલીસ સ્ટેશને પણ ઉપલબ્ધ છે. શટલ રીક્ષાઓ દ્વારા દૈનિક પેટીયુ રળી લેતા રીક્ષા ચાલકો પણ પોતાની રોજી રોટીથી ખુશ છે. શહેરની લાઈફ લાઈન બનેલી આ રીક્ષાઓથી જ શહેરીજનો પોતાના નોકરી, ધંધા કે જરૂરી કામ ઝડપથી અને ઓછા ખર્ચે કરી શકે છે. જો કે ગતિશીલ ગુજરાતના પાટનગરમાં લોકલ ગણાતી આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્ર નિષ્ફળ નિવડયું છે અને તેથી જ શટલ રીક્ષાઓ થકી શહેરીજનો કામ ચલાવી રહ્યા છે. જે રાજયના પાટનગર માટે દુઃખદ અને શરમજનક બાબત ગણાય છે.

### પેરોલ જમ્પ આરોપીને એબસ્કોન્ડર સ્કવોર્ડે પકડી પાડયો

ગાંધીનગર, તા.૧૪

પેરોલ ફલો તથા ફરારી કેદીઓને પકડી પાડવા સ્પે. ડ્રાઈવ રાખવામાં આવી છે ત્યારે ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડ દ્વારા આજે



એક બાઉન્સ કેસમાં જેલવાસ ભોગવી રહેલા કેદીએ વચગાળાના જામીન મેળવ્યા બાદ પેરોલ જમ્પ કરતા તેને પકડી પાડયો છે. પીંડારડા ગામના નારણ ગાંડા રબારીને એક બાઉન્સ બાબતે કોર્ટે છ માસની કેદની સજા કરી હતી. ૨૦ જુને તેણે વચગાળાના જામીન મેળવ્યા હતા અને ૨૫ જુને પરત જેલમાં હાજર થવાનું હોવા છતાં હાજર થયો ન હતો. ફરાર આ શખ્સને પકડી પાડવા સાબરમતી જેલ દ્વારા જાણ કરવામાં આવતા ટીમે આરોપીને તેના ઘરેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. રતિલાલ રતનસિ કાલીયા, ઉ.વ. ૮૫
- સ્વ. ચૌહાણ ચંદ્રેશકુમાર ઈન્દ્રવદન, ઉ.વ. ૫૦
- સ્વ. હમજુબેન ભલાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. હરીભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ. ૭૬